# શિક્ષકની અસરકારકતામાં તકનિકીની ભૂમિકા અંગે કોમર્સ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ

પ્રા. દિગેશ વી. પવાર
ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાંસદા

## ૧. પ્રાસ્તાવિક

છેલ્લા કેટલાક દાયકાથી શિક્ષણની સમસ્યાઓ, વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારાને કારણે અને શૈક્ષણિક હેતુઓમાં વિવિધતાને કારણે ખૂબજ વધી છે. એવા સમયે આ સમસ્યાઓને પડકારરૂપ સમજી ઉપલબ્ધ શૈક્ષણિક પ્રૌધોગિકી તેઓના ઉકેલ માટે ઉપયોગ કરવા અંગે ક્રિયાન્વિત બનવું પડે.છેલ્લા કેટલાય વર્ષોથી ઘણી યુનિવર્સિટીઓએ તેઓના અભ્યાસક્રમમાં વિવિધ ડિગ્રી પરીક્ષાઓ માટે શૈક્ષણિક પ્રૌદ્યોગિકીને એક વિષય તરીકે દાખલ કર્યો છે. ઓપન યુનિવર્સિટી જેવી રાષ્ટ્રીય યુનિવર્સિટીઓએ પણ ટી.વી. અને કમ્પ્યૂટર જેવી આધુનિક પ્રૌદ્યોગિકીનો ઉપયોગ શરૂ કર્યો છે. ગુજરાતમાં પણ છેલ્લા બે દાયકાથી શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શિક્ષણની સ્નાતક - અનુસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમમાં સ્થાન ધરાવે છે.આ જોતાં ટી.વી.અને કમ્પ્યૂટર જેવા સમૂહ માધ્યમોનો ઉપયોગ કરતાં શિક્ષકને આવડે છે તેમજ તેના દ્વારા શિક્ષકની અસરકારકતા શિક્ષણમાં વધે છે તે જોવાનો આ નાનકડાં સંશોધનનો હેતુ હતો આમ,આવા નવવિચારાત્મક વ્યવહારોથી પ્રશિક્ષણ સંસ્થાઓના અધ્યાપક મિત્રો અને શાળાના શિક્ષકો પોતાના વર્ગખંડ કાર્યક્રમને સફળતાની દિશામાં લઈ જઈ શકે છે.જે હેતુ ધ્યાનમાં લઈ આ સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાંક દાયકાથી શિક્ષણની સમસ્યાઓ, વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારાને કારણે અને શૈક્ષણિક હેતુઓમાં વિવિધતાને કારણે ખૂબજ વધી છે. એવા સમયે આ સમસ્યાઓને પડકારરૂપ સમજી ઉપલબ્ધ શૈક્ષણિક પ્રૌધોગિકી તેઓના ઉકેલ માટે ઉપયોગ કરવા અંગે ક્રિયાન્વિત બનવું પડે.છેલ્લા કેટલાય વર્ષોથી ઘણી યુનિવર્સિટીઓએ તેઓના અભ્યાસક્રમમાં વિવિધ ડિગ્રી પરીક્ષાઓ માટે શૈક્ષણિક પ્રૌદ્યોગિકી ને એક વિષય તરીકે દાખલ કર્યો છે. ઓપન યુનિવર્સિટી જેવી રાષ્ટ્રીય યુનિવર્સિટીઓએ પણ ટી.વી. અને કમ્પ્યૂટર જેવી આધુનિક પ્રૌદ્યોગિકીનો ઉપયોગ શરૂ કર્યો છે. ગુજરાતમાં પણ છેલ્લા બે દાયકાથી શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શિક્ષણની સ્નાતક - અનુસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમમાં સ્થાન ધરાવે છે.આ જોતાં ટી.વી.અને કમ્પ્યૂટર જેવા સમૂહ માધ્યમોનો ઉપયોગ કરતાં શિક્ષકને આવડે છે તેમજ તેના દ્વારા શિક્ષકની અસરકારકતા શિક્ષણમાં વધે છે તે જોવાનો આ નાનકડાં સંશોધનનો હેતુ હતો આમ,આવા નવવિચારાત્મક વ્યવહારોથી પ્રશિક્ષણ સંસ્થાઓના અધ્યાપક મિત્રો અને શાળાના શિક્ષકો પોતાના વર્ગખંડ કાર્યક્રમને સફળતાની દિશામાં લઈ જઈ શકે છે.જે હેતુ ધ્યાનમાં લઈ આ સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

## ૨. સમસ્યા કથન

શિક્ષકની અસરકારકતામાં આઇ.ટી.અને તકનિકીની ભૂમિકા અંગે કોમર્સ વિદ્યાશાખાના તાલીમાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ

### ૩. શબ્દોની વ્યાખ્યા

કોમર્સ વિદ્યાશાખા તાલીમાર્થીઓ શિક્ષણ-સ્નાતક તરીકે શિક્ષણ મેળવતી વ્યક્તિ.

### ૪. સંશોધનના હેતુઓ

કોમર્સ વિદ્યાશાખાના તાલીમાર્થીઓના શિક્ષક અસરકારકતામાં આઇ.ટી.ની ભૂમિકા અંગેના અભિપ્રાયોનો અભ્યાસ કરવો. જેમાં,

- તકનિકીની ભૂમિકા અંગેના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- કમ્પ્યૂટર અને ઈન્ટરનેટની ભૂમિકા વિશેના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

### ૫. સંશોધનનું મહત્વ

આ નાનકડું સંશોધન ઉચ્ચ શિક્ષણના વિશાળ પરિપ્રેક્ષ્યમાં અને તાલીમાર્થીઓના ઘડતર માટે ઘણું મહત્વ ધરાવે છે.તેમજ શિક્ષકને તેની અસરકારકતા વધારવામાં મદદરૂપ બને છે. આ સંશોધન દ્વારા શિક્ષકને પોતાની મર્યાદા અને સારા પાસાંનો ખ્યાલ આવે છે.તેમજ વર્તમાન સમયમાં પ્રશિક્ષણ સંસ્થામાં તકનિકી તેમજ આઇ.ટી.ના ઉપયોગનું સ્તર પણ જાણી શકાય છે. આ સંશોધનના માધ્યમથી મિડિયા અને શિક્ષણ,વિદ્યાર્થી તેમજ શિક્ષક પર પડતી અસરનો તાગ મેળવી શકાય છે. મેળવેલ અભિપ્રાયના આધારે વિદ્યાર્થી તેમજ શિક્ષકને અભ્યાસક્રમના કઠિન બિંદુઓ માટે તકનિકી તેમજ આઇ.ટી.ના સાધનોનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન મળે છે. આમ આ સંશોધન શિક્ષણ અને શિક્ષકની ગુણવત્તા સુધારવા પોતાનો મહત્વનો ફાળો નોંધાવી શકશે.

### ૬. સંશોધનની મર્યાદા

૧. આ સંશોધન માત્ર સહજાનંદ કોમર્સ વિદ્યાશાખાકોલેજ,અમદાવાદના તાલીમાર્થીઓ પૂરતું મર્યાદિત હતું.
૨. આ સંશોધનમાં કોમર્સ વિદ્યાશાખાતાલીમાર્થીઓ માટે ત્રિ-બિન્દુ અભિપ્રાયાવલિ જે ઉપકરણ તરીકે વાપરવામાં આવી હતી,જે સ્વરચિત હતી.
૩. પ્રસ્તુત સંશોધનમાં માત્ર સર્વેક્ષણ પધ્ધતિ ધ્વારા અભિપ્રાયો મેળવી તેનું અર્થઘટન કરી,તારણ મેળવવામાં આવ્યું હતું.

### ૭. સંશોધનની પધ્ધતિ

પ્રસ્તુત એકમમાં સર્વક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

### ૮. સંશોધનનું વ્યાપવિશ્વ અને નમુનો

પ્રસ્તુત સંશોધન માત્ર એક કોલેજ પૂરતું મર્યાદિત હતું, જેમાં કોલેજના ૯૦ તાલીમાર્થીઓના અભિપ્રાયો મેળવ્યા હતાં.તાલીમાર્થીઓમાં ભાઈઓ તથા બહેનોનો સમાવેશ થયો હતો.

Vol. 2, Issue: 9, Oct.-Nov. 2014 (IJRSML) ISSN: 2321 - 2853

### ૯. સંશોધનનુ ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં તાલીમાર્થીઓ માટે સ્વરચિત ત્રિ-બિંદુ અભિપ્રાયાવલિનો ઉપકરણ સ્વરૂપે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપકરણમાં કુલ ૩૦ વિદ્યાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સદર વિધાનો હકારાત્મક સ્વરૂપના હતાં. જેમાં ટી.વી.ની અસરકારકતા (ભૂમિકા) ચકાસવાના ૧૩ વિધાનો હતા. જ્યારે બાકીના ૧૭ વિધાનો આઈ.ટી. ની અસરકારકતા (ભૂમિકા) ચકાસવાના વિધાનો હતાં.

### ૧૦. માહિતી પ્રાપ્તિની પ્રવિધિ

કોમર્સ વિદ્યાશાખાના તાલીમાર્થીઓને એક ખંડમાં બેસાડી, પૂરી સમજ આપી અભિપ્રાયાવલિના અભિપ્રાયો મેળવ્યા હતા. જેમાં તાલીમાર્થીઓનો ખૂબ જ સહકાર જોવા મળ્યો હતો.

### ૧૧. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

તાલીમાર્થીઓ પાસેથી પ્રતિચારો મેળવીને પ્રાપ્ત માહિતીનું ટકાવારીથી પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

### ૧૨. અભિપ્રાયાવલિના પ્રતિચારોનું પૃથક્કરણ

૧. ટી.વી. માણસની બુદ્ધિ શક્તિના વિકાસ માટે તેના ઉપયોગથી હકારાત્મક અસર થાય છે તેમજ શિક્ષણને અવરોધતું નથી. માટે મેળવેલ અભિપ્રાયોમાં ક્રમશઃ ૬૭%, ૫૦%અને ૬૧% અભિપ્રાયો સંમત પક્ષે મળે છે. જેથી કહી શકાય કે ટી.વી. શિક્ષણક્ષેત્રે બાળકોમાં બુદ્ધિ શક્તિના વિકાસ માટેનું ઉપયોગી સાધન છે.

૨. ટી.વી. માં આવતાં વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોથી શિક્ષક માહિતગાર હોય છે અને વિદ્યાર્થીઓને તે કાર્યક્રમો અંગે જાણ કરે છે. આ સંદર્ભે સંમતમાં ક્રમશઃ ૫૬% અને ૪૪% અભિપ્રાય મળે છે.જ્યારે તટસ્થમાં ૨૨% અને ૩૨% અને અસંમતમાં ૨૨% અને ૨૩% અભિપ્રાયો જોવા મળે છે. આથી કહી શકાય કે શિક્ષક સ્વયં તો શૈક્ષણિક કાર્યક્રમોથી માહિતગાર હોય છે. પરંતુ વિદ્યાર્થીઓને તે અંગે માહિતગાર કરવામાં કાચા પડે છે.

૩. શિક્ષક વિવિધ સાધનોનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓને શીખવે છે. આ સંદર્ભ મેળવેલ અભિપ્રાયોમાં સંમતના ૫૮% મળે છે, જે પરથી કહી શકાય કે શિક્ષકો વિદ્યાર્થીઓને સાધનોનો ઉપયોગ કરતાં શીખવવામાં પણ મદદરૂપ બને છે.

૪. ટી.વી. અને કોમ્પ્યુટર વિદ્યાર્થીઓના ઘડતરમાં અવરોધરૂપ બને છે. જેમાં અસંમતના ટકા ૬૬ % છે. આમ કહી શકાય કે આ માધ્યમો વિદ્યાર્થી ઘડતરમાં નડતરરૂપ નથી. માટે વર્ગખંડમાં કમ્પ્યુટર દ્વારા શિક્ષણ આપવું જોઈએ અને ઈન્ટરનેટનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે થાય છે.

૫. આઈ. ટી. અને ઈ. ટી. ના મહત્વ દર્શાવતા હકારાત્મક વિદ્યાનોના અભિપ્રાયો સંમત પક્ષે ૫૫% થી ૮૨ % જોવા મળે છે. જેથી કહી શકાય કે આઈ. ટી. અને ઈ. ટી. ના સાધનો શિક્ષક અને શિક્ષણની અસરકારકતામાં વધારો કરે છે. અને વિશ્વની માહિતી વર્ગખંડમાં આપવામાં સફળ નિવડે છે.

**૬. શિક્ષક વિદ્યાર્થીઓનું માનસ માત્ર શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે તૈયાર કરવામાં સફળતા મેળવે છે. આ વિદ્યાનમાં સંમતપક્ષે ૨૩% અને અસંમતપક્ષે ૪૬% અભિપ્રયો મળ્યા છે. જેના આધારે કહી શકાય કે શિક્ષક માત્ર શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે બાળકોને તૈયાર કરવામાં સફળ થતા નથી.**

**૭. અભ્યાસક્રમનાં કઠિનબિંદુઓ માટે શિક્ષક ઈન્ટરનેટનો ઉપયોગ કરે જ છે. જેમાં સંમતની ટકાવારી ૨૪% અને અસંમતની ટકાવારી ૪૮ % જોવા મળે છે. જેથી કહી શકાય કે અભ્યાસક્રમના આવા વિશિષ્ટ બિંદુઓ માટે પણ શિક્ષક પૂર્ણરૂપે ઈન્ટરનેટનો ઉપયોગ કરતા નથી.**

**૧૩. તારણ**

**તારણરૂપે કહી શકાય કે શિક્ષણ અને શિક્ષકની અસરકારકતાં માટે આઈ. ટી. અને તકનિકી અત્યંત ઉપયોગી માધ્યમ છે. આમ છતાં પણ સાંપ્રત સમયમાં આ નવવિચારાત્મક સમૂહમાધ્યમનો વિનિયોગ જાઈએ તેટલો આપણ કરી શક્યા નથી. પરંતુ તેનો ઉપયોગ કેટલા પ્રમાણમાં અને શી રીતે રકવો તે અંગે શિક્ષક અને વિદ્યાર્થી પક્ષે વધુ જાગૃતિની જરૂરિયાત જણાય છે.**

## સંદર્ભસૂચિ

૧ પટેલ, આર.એસ.(૨૦૦૮). શૈક્ષણિક સંશોધન અને આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ. અમદાવાદ : જય પબ્લિકેશન.

૨ ઉચાટ, ડી.એ. (૨૦૦૪). માહિતી પર સંશોધન વ્યવહાર.રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૩ Bansal P.K. and Harrison (2001). Spoken English. New Delhi: Orient Long Man Pvt. Ltd.